સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓલ્ટરનેટિવ્સ દ્વારા સહાયિત અને પ્રવાહ દ્વારા સંકલિત,

# પીવાના પાણી માટેની નિદર્શન યોજનાઓ




## ફુલરિયા ગામ

તાલુકો બગસરા, જિલ્લો અમરેલી

અમલીકરણઃ હરીશ્વર જળ સંચય સમિતિ, ફુલરિયા

**માર્ગદર્શકઃ વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ, બગસરા**

## પહેલી નજરે...

| | |
|---|---|
| ગામ | હુલરિયા, તાલુકો બગસરા, જિલ્લો અમરેલી |
| અમલીકરણ | હરીશ્વર જળ સંચય સમિતિ, હુલરિયા |
| માર્ગદર્શક | વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ, બગસરા |
| સહયોગ | પ્રવાહ, અમદાવાદ |
| સમયગાળો | ફેબ્રુઆરી ૨૦૦૪થી જુલાઈ ૨૦૦૬ |
| મંજૂર થયેલ ખર્ચ | રૂ. ૩,૦૫,૦૯૨ |
| સહયોગ | રૂ. ૨,૪૯,૨૫૦ |
| જરૂરી લોકફાળો | રૂ. ૫૫,૮૪૨ |
| એકત્ર થયેલો લોકફાળો | રૂ. ૫૫,૮૪૨ |
| થયેલું બાંધકામ | કૂવો, અવેડો, પંપ હાઉસ, સ્ટેન્ડ પોસ્ટ, રાઇઝિંગ મેઇન, વિતરણ પાઈપ, નળ કનેક્શન |
| પાણી સમિતિમાં સભ્ય સંખ્યા | ૧૧ (૩ બહેનો, ૮ ભાઈઓ) |
| નિદર્શનની સૌથી નોંધપાત્ર વાત | પાણી સમિતિના સભ્યોને પૂરતી તાલીમ આપ્યા બાદ, દરેક કામગીરી તેમને જ સોંપવામાં આવી. આથી સભ્યોનો ઉત્સાહ અને ક્ષમતા વધ્યાં તેમ જ ખરેખર ગામની જરૂરિયાત અનુસાર કામ થયાં.<br><br>મુખ્ય સહાયક સંસ્થા, સ્થાનિક માર્ગદર્શક સંસ્થા તથા પાણી સમિતિ અને ગામલોકોની સમજ એક સ્તર પર લાવવાનું કામ પડકારજનક રહ્યું.<br><br>સંસ્થાના ઘણા પ્રયાસો પછી પણ, ગામના તમામ લોકો પૂરેપૂરા સક્રિય ન થયા. જોકે જેટલા લોકો સક્રિય હતા તેમણે, આ કામ માત્ર ગામનો પ્રશ્ન ઉકેલવા માટે નહીં, પણ વિકેન્દ્રિત વ્યવસ્થાનો દાખલો બેસાડવા માટેનું છે એવી સમજણ સાથે કામ કર્યું. |

## સ્વૈચ્છિક સંસ્થા તથા સ્થાનિક સ્થિતિ

### વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ, બગસરા

લોકોના પ્રશ્નો ઉકેલી આપીને તેમને પાંગળા બનાવવાના બદલે, લોકો પોતે પોતાના પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલ બને અને તેને ઉકેલવાની સમજ કેળવતા થાય તેવું વાતાવરણ ઊભું કરવાના ધ્યેયથી કાર્યરત વિશ્વ વાસ્તલ્ય માનવ સેવા ટ્રસ્ટ છેલ્લાં આઠ વર્ષથી બગસરા વિસ્તારમાં લોકભાગીદારી આધારિત ટકાઉ વિકાસ માટે પ્રયત્ન કરતું સંગઠન છે. લોકોને પાયાની સુવિધા સરળતાથી ઉપલબ્ધ થાય અને ગ્રામીણ સંસ્કૃતિ ધબકતી રહે તેવી આ સંસ્થાની મથામણ છે. આ દિશામાં આગળ વધતાં, સંસ્થાએ પ્રવાહ, અમદાવાદના સહયોગથી અમરેલી જિલ્લાના હુલરિયા ગામે લોકોના સાથમાં પાણીની કાયમી સલામતી ઊભી કરવા માટે એક નિદર્શન સ્ટ્રકચર નિર્માણ કરવાની ભૂમિકા ભજવી.

### હુલરિયા ગામ

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાથી સોળ કિલોમીટર દૂર શેત્રુંજી નદીને કાંઠે વસેલા આ નાનકડા ગામમાં કડીયા, કુંભાર, દરબાર, બાવાજી, વાળંદ અને દેવીપૂજક સમાજના ૬૦-કુટુંબોની ૩૦૦ લોકોની વસ્તી છે. શેત્રુંજી નદીને કાંઠે આ ગામ આવેલું હોવા છતાં, ૨૦૦૦થી ૨૦૦૫ વચ્ચે આ ગામમાં ચાર વર્ષ ટેન્કરથી પીવાનું પાણી પૂરું પાડવું પડયું હતું. એક જૂનો પૂરાણો ૩૦ ફૂટનો કૂવો, બે જાહેર ડંકી અને ચારથી પાંચ ખાનગી ડંકીઓ આ ગામમાં પાણીના સ્રોત છે. દુકાળ કે ઓછા વરસાદમાં આ ગામમાં પાણીની ભારે મુશ્કેલી પડે છે. પશુ માટે પણ કોઇ સામુહિક સગવડ ન હતી. સામુહિક કામો પ્રત્યે લોક માનસના ઘડતરનો અભાવ હોવાથી સંગઠનની ભાવનાથી આ ગામમાં એક પણ કામ થયેલ નથી. ખાસ કોઇ સરકારી કામો પણ થયેલ નથી. સૌ વ્યકિતગત પોતપોતાની ચિંતા કરે, કોઇ જાય તો વ્યથા ઠાલવે.

વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ આ પહેલાં આ ગામમાં સક્રિય નહોતું, પણ સંસ્થાના નિયામક એક વાર ગામે ગયા ત્યારે તેમને ગામની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવ્યો અને સંસ્થાએ પ્રવાહના સહયોગમાં અહીં કામ કરવાનું બીડું ઝડપ્યું.

## નિદર્શનનો હેતુ અને સમજ

- લોકમાનસમાં સ્થાનિક પ્રશ્નો પ્રત્યેની સમજ કેળવાય.
- પીવાના પાણીના સ્થાનિક સ્રોતનો વિકાસ થાય.
- સામુહિક કામોમાં લોકભાગીદારીની સમજ વિકસે.
- લોકોની કોઠાસૂઝ દ્વારા જ સ્થાનિક પીવાના પાણીના પ્રશ્નનો ઉકેલ આવે.
- આ સમગ્ર પ્રક્રિયામાં ગામના વધારે અને વધારે લોકોની ભાગીદારી વધે.
- સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થા અને સ્થાનિક લોકસમુદાય વચ્ચેની વિશ્વસનિયતા વધે.
- સામુહિક કામોમાં ભ્રષ્ટાચાર જ થાય છે, એવી સામાન્ય લોકસામાન્યતાને પ્રત્યક્ષ કામ દ્વારા દૂર કરવી.

- લોકો જાતે કામ કરે તો કેવું અને કેટલું ટકાઉ અને મજબૂત કામ થઈ શકે એનો સરકારી તંત્ર સામે એક નમૂનો મુકવો, એ પદ્ધતિથી અન્ય જગ્યાએ પીવાના પાણીનાં કામો થાય તેવું વાતાવરણ નિર્માણ કરવું.
- હુલરિયા ગામની આસપાસનાં ગામના લોકોમાં પણ સામુહિક રીતે કામ કરવાની ભાવના જગાડવી.
- પાણી સમિતિ, ગામ લોકો અને સંસ્થાનું ચોકકસ દિશામાં ઘડતર અને કેળવણી થાય.

## નિદર્શનની પ્રક્રિયા

નિદર્શન એ માત્ર ભૌતિક બાંધકામ નથી, પરંતુ ચોક્કસ પ્રક્રિયાઓના પાલનથી, લાંબા ગાળાના હેતુઓ પાર પાડવા માટે આ બાંધકામ કરવામાં આવે છે એવી સ્પષ્ટ સમજણ સાથે હુલરિયા ગામમાં કામ કરવામાં આવ્યું.

આ માટે સૌ પ્રથમ ગ્રામસભા બોલાવવામાં આવી. તેમાં, પ્રવાહ અને વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ સંસ્થનો પરિચય આપવામાં આવ્યો અને નિદર્શન કામો વિશેની માહિતી સંસ્થાના વડાએ આપી, સાથે લોકોનાં મંતવ્યો જાણવામાં આવ્યાં. પ્રથમ દિવસે આ ગામના લોકોનાં મનમાં પ્રશ્નાર્થ હતો, કે શું ખરેખર આવી રીતે કામ થશે? સંસ્થા દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી કે ગામનો પીવાના પાણીનો પ્રશ્ન કેવી રીતે હલ કરી શકાય તે ગામલોકો જ સૌથી વધુ સારી રીતે જાણી શકે અને તેથી ગામલોકોએ જ નકકી કરવું પડશે કે કયા કયા સ્રોતને વિકસાવવાથી કાયમી ધોરણે ગામનો પીવાના પાણીનો પ્રશ્ન હલ થઈ શકે.

દોઢ, બે કલાકના સંવાદ પછી આ સમગ્ર કાર્યક્રમના આયોજન અને અમલીકરણ માટે ૧૧ સભ્યોની એક પાણી સમિતિની રચના કરવામાં આવી. એ દિવસે જ કયાં કયાં પાણીના સ્થાનિક સ્રોત વિકસાવવા તે નકકી કરવામાં આવ્યું. સૌ પ્રથમ કૂવો ગાળવાનું નકકી કરવામાં આવ્યું.

આ પહેલા જ કામમાં પ્રવાહ, અમલીકરણ સંસ્થા અને ગામલોકોને સામુહિક રીતે કામ કરવાના નોંધપાત્ર બોધપાઠ  શીખવા મળ્યા. કૂવાના સ્થળ વિશે ગામલોકો અને પ્રવાહના ટેકનિકલ પર્સનના મત જુદા પડ્યા. સંસ્થાએ ગામલોકોના સામુહિક નિર્ણયને અનુસરવાનું નક્કી કર્યું. આ કારણે, એક વખત ગામમાં કરવાનાં કામની દરખાસ્ત બનાવી, તે મંજૂર થયા પછી તેમાં ફેરફારો કરી ફરી દરખાસ્ત તૈયાર કરવી પડી. આ દરખાસ્ત મંજૂર કરાવવાની પ્રક્રિયા અમલીકરણ સંસ્થા માટે શિક્ષણરૂપ નીવડી. જોકે સંસ્થાના મતે, સમગ્ર પ્રક્રિયામાં પ્રવાહના પ્રતિનિધિ સાથે સુમેળ અને સંકલન સાધવામાં મુશ્કેલીઓ પડી.

કામ શરૂ થયા પછીની પ્રક્રિયાઓમાં, લોકફાળાની પ્રક્રિયા આ ગામમાં સરસ વિકસી. લોકોએ રોકડ સ્વરૂપે, વસ્તુ સ્વરૂપે અને શ્રમદાન સ્વરૂપે લોકફાળો આપ્યો. જોકે, સંસ્થાએ નમ્રતાપૂર્વક સ્વીકાર્યા અનુસાર, આ સમગ્ર પ્રક્રિયામાં ગામના ૪૦ ટકા લોકો જ સંપૂર્ણપણે જોડાયા. ૪૦ ટકા લોકોએ અડધોપડધો ઉત્સાહ બતાવ્યો, જયારે ૨૦ ટકા લોકો સાવ નિષ્ક્રિય હતા. સંસ્થાના ઘણા પ્રયત્નો પછી પણ આ સંપૂર્ણ નિષ્ક્રિય લોકોને રસ લેતા કરી શકાયા નહીં.

સંસ્થાનો પહેલેથી જ આગ્રહ હતો કે આયોજન અને અમલીકરણની ભૂમિકા સ્થાનિક લોકો જ ભજવે. કૂવો કોને ગાળવા આપવો? કેવી રીતે આપવો? બાંધકામ વગેરે માટેની સાધનસામગ્રી કયાંથી ખરીદવી વગેરે નકકી કરવું અને ખરીદવા જવું અને ચુકવણું કરવું વગેરે તમામ કામ પાણી સમિતિ સભ્ય દ્વારા જ થવું જોઇએ. આમ સંસ્થાએ સમિતિ ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો તેના પરિણામે સભ્યોનો ઉત્સાહ વધ્યો અને તેમનું

સારૂ એવું શિક્ષણ પણ થયું. ચાલુ વરસાદમાં સીમેન્ટ કે અન્ય વસ્તુ પલળતી હોય ત્યારે પાણી સમિતિના સભ્યોએ તેની કાળજી રાખી. સાથે મળીને કામ કરવાથી આવી પોતીકાપણાની ભાવના વિકસી તે સંસ્થાની દૃષ્ટિએ મોટી સફળતા છે.

**<u>ચાવીરૂપ પરિબળો</u>**

સંસ્થાની દૃષ્ટિએ, ગામમાં લોકભાગીદારીમાં પાણી સમિતિ દ્વારા જે કંઇ કામ કરવામાં આવ્યાં, તેમાં નીચેનાં પરિબળો તથા તેમની અગત્યતા અંગે લોકોમાં વિકસેલી સમજની ચાવીરૂપ ભૂમિકા રહી.

- સ્થાનિક સ્રોતનો વિકાસ
- સંસ્થાની સમજનો વિકાસ
- લોકોમાં સામુહિક રીતે કામ કરવાની ભાવના
- લોકવિશ્વાસનું સંપાદન
- ટકાઉ સ્ટ્રકચરોનું નિર્માણ
- સામાજિક એકતા
- પોતીકાપણાની ભાવના
- સ્થાનિક કોઠાસૂઝ
- વહીવટી કુશળતા

**<u>અડચણો અને જોખમો</u>**

સંસ્થાની દૃષ્ટિએ આ રીતે, લોકોનો સાથ મેળવીને ગામમાં નિદર્શન માટે બાંધકામો કરવામાં નડેલી અડચણો નીચે મુજબ છે.

- સંસ્થા પાસે ટેકિનકલ જ્ઞાનના અભાવે, કાર્યક્રમના અમલીકરણમાં મુશ્કેલી પડી.
- પ્રવાહની કાર્યપદ્ધતિ સાથે અનુકૂલન સાધવામાં ઘણો સમય લાગ્યો.
- સંસ્થાના કાર્યવિસ્તારની દૃષ્ટિએ નવું ગામ હોવાથી લોકો સાથે આત્મીયતા અને વિશ્વસનીયતા ઊભી કરવામાં ખાસો સમય આપવો પડયો.
- લોકોની કોઠાસૂઝ અને પ્રવાહના ટેકનિકલ પર્સનની સમજ વચ્ચે ભારે વિસંગતતાના કારણે થોડીક અડચણો આવી.
- લોકફાળો એકત્રિત કરવામાં થોડીક કસોટી થઈ.
- ગામના તમામ લોકોને ભાગીદાર કરવામાં ભારે કસોટી થઈ. ખાસ કરીને, ગામના દેવીપૂજક સમાજના લોકોને આ કાર્યક્રમમાં સામેલ કરવામાં આજે પણ અડચણ આવી રહે છે.
- આ સમાજના લોકો સરકારી દબાણવાળી જગ્યામાં વસવાટ કરતા હોવાથી તેમને નળનાં જોડાણ આપવામાં મુશ્કેલી પડી રહી છે.
- ભાવિ સંચાલનમાં હાલ કોઈ જોખમો દેખાતાં નથી.

## નિદર્શનનો ભૌતિક અને યાંત્રિક દૃષ્ટિકોણ

- સ્ટ્રક્ચરોની ડિઝાઇન અને સામગ્રી વિશેની જવાબદારી સ્થાનિક લોકોએ જ ઉપાડી તેથી તેમની આવડતનો વિકાસ થયો.
- ભારે વરસાદ સમયે, કૂવાના બાંધકામ ઉપર છ ફૂટ પાણી ચાર દિવસ સુધી પસાર થયું હતું છતાં એક કાંકરી પણ ખરી નથી.
- ગામની જરૂરિયાત મુજબ કૂવો, પંપહાઉસ, અવેડો અને સ્ટેન્ડપોસ્ટ વગેરે બનેલ છે.
- લોકોની કોઠાસૂઝથી બાંધકામ થયાં હોવાથી બિનજરૂરી સામગ્રીનો ખર્ચ ઘટાડી શકાયો.
- આ બાંધકામમાં સ્થાનિક સંસાધનોનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં આવ્યો.
- સ્ટ્રક્ચરોની નિભાવણી માટે પાણી સમિતિ સક્ષમ છે. લોકોએ જાતે બનાવેલ છે, તેથી પોતીકાપણાની ભાવના ઊભી થઈ છે, તેથી સમગ્ર ગામલોકો તેની નિભાવણી અને જાળવણી માટે સક્ષમ બન્યા છે.
- હુલરિયા ગામમાં ૩૦૦ વ્યકિત વસવાટ કરે છે, જેને દરરોજ ૯૦૦૦ મીટર પાણીની આવશ્યકતા રહે છે. આ પાણીનું પરીક્ષણ કરેલ છે. તે પીવાલાયક પાણી છે.
- ભૌતિક સ્ટ્રક્ચરોને કારણે ગામની ગંદકી પણ દૂર થશે, પાણી નિકાલની વ્યવસ્થા લોકોએ જાતે જ ઊભી કરી છે. તેમ જ ઘેર ઘેર નળ કનેકશન આપેલ હોવાથી વૃક્ષારોપણ થશે. તેથી ગામનું પર્યાવરણ સુધરશે અને ગામ સ્વચ્છ બનશે.



## નિદર્શનનો આર્થિક અને નાણાકીય દૃષ્ટિકોણ

- બનાવવામાં આવેલાં નિદર્શન સ્ટ્રક્ચરો સરકારી ખર્ચ કરતાં ૨૫ ટકા ઓછે ખર્ચે બન્યા છે.
- આ તમામ સ્ટ્રકચરોમાં રો-મટીરીયલ્સ પૂરતા પ્રમાણમાં વાપરવામાં આવેલ છે. કાચા માલની ખરીદી પાણી સમિતિના સભ્યોએ કરકસરપૂર્વક કરી છે. તેથી સરેરાશ ખર્ચમાં ૨થી ૩ ટકાનો ફાયદો થયો છે. સાથે જ કાચા માલની ગુણવત્તા પણ જળવાઈ રહી છે.
- આ કાર્યક્રમમાં ખર્ચમાં લોકભાગીદારીની ભૂમિકા ખૂબ જ મહત્વની રહી છે. સાફ-સફાઇ, બાવળ કાઢવા, લેવલિંગ કરવું વગેરે કામ ગામલોકોએ કરેલ છે. તેથી પોતીકાપણાની ભાવના ઊભી થઈ છે.
- આ ગામમાં એક વ્યકિતદીઠ પીવાના પાણીની સમસ્યા હળવી કરવા માટે રૂ. ૮૨૫નો ખર્ચ થયેલ છે. એક વ્યકિત દરરોજ ૩૦ લિટર પાણી સરેરાશ વાપરે તો એક વર્ષમાં તે ૧૦૯૫૦ લિટર પાણી વાપરે. માત્ર એક વર્ષના લાભની વાત કરીએ તો રૂ.૧૩માં એક લિટર પાણીનો લાભ મળે છે.
- આ તમામ એકમો ગ્રામપંચાયતની જમીનમાં બન્યા છે. તેથી આ વિકસેલ સ્રોતની માલિકી પણ ગ્રામપંચાયતની રહેશે.
- ગામ લોકોનું જૂનું પુરવઠા ખાતાનું વીજળીનું કનેકશન હોવાથી તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.
- આ સ્રોતોની નિભાવણી પાણી સમિતિ કરશે. જેમને નળજોડાણ આપવામાં આવ્યાં છે તેમની પાસેથી માસિક રૂપિયા ૩૦નો પાણી વેરો લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. ૩૦ કનેકશન લેવાયાં છે, તેથી માસિક રૂ. ૯૦૦ની આવક થશે અને વાર્ષિક રૂ. ૧૦,૮૦૦ની આવક થશે. આ આવકમાંથી મુખ્ય બે ખર્ચ રહેશે, લાઇટ બિલ અને પાણી પુરવઠાની જવાબદારી સંભાળનારને માસિક પગાર. લાઇટ બિલ સરેરાશ રૂ. ૩૫૦ આવશે અને માસિક પગાર રૂ. ૨૫૦નો આપવામાં આવશે. આમ માસિક રૂ. ૯૦૦ની આવક સામે માસિક ખર્ચ રૂ. ૬૦૦ છે. જયારે રૂ. ૩૦૦ અન્ય મેઇનટેનન્સ પેટે વાપરી શકાશે.
- આ સમગ્ર સ્રોતોની જવાબદારી પાણી સમિતિની છે. પાણી વેરો ઉઘરાવવો અને તેની સારસંભાળ કે મરામતનું કામ પાણી સમિતિ કરશે.
- ગામલોકોને અન્ય મહત્વનાં કામ કરવાની પ્રેરણા થઈ છે. દા.ત. સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનમાં પાણી સમિતિના સભ્યોએ રૂ. ૧૦૦૦૦/- જેવો લોકફાળો એકઠો કર્યો.
- ગામના તલાટી કમ મંત્રીએ પાણી સમિતિને અન્ય વિકાસનાં કામો કરવા માટે રૂ. ૨૦,૦૦૦ ફાળવ્યા છે.

# નિદર્શનનો સામાજિક દૃષ્ટિકોણ

## <u>સમાનતા, જાતિ અને સામાજિક સમાવેશ</u>

- આ કાર્યક્રમમાં ગામના ૪૦ ટકા લોકોની સંપૂર્ણ ભાગીદારી હતી. ૪૦ ટકા લોકોની ૫૦ ટકા ભાગીદારી, જયારે ૨૦ ટકા લોકો સાવ અલિપ્ત રહ્યા. દેવીપૂજક સમાજની સહભાગીતા ઓછી રહી.
- કડીયા, કુંભાર અને બાવાજી જ્ઞાતિના પુરૂષોની સહભાગીતા સારા પ્રમાણમાં હતી. શ્રમદાન રૂપે પણ ૬૦ ટકાની સહભાગીતા હતી. જયારે નિર્ણયાત્મક ભૂમિકામાં ૫૦ ટકા લોકોની ભૂમિકા હતી. તેમાં ૩૦ ટકા પુરૂષો અને ૨૦ ટકા બહેનોની સહભાગીતા હતી.
- આ કાર્યક્રમમાં બહેનોની ભૂમિકા ૩૦ ટકા જેવી રહી, જયારે પુરૂષોની ભૂમિકા ૭૦ ટકા જેવી રહી છે. આ અગાઉ ખાસ કોઇ સામુદાયિક કામો થયેલ ન હોવાથી આવું બનવા સંભવ છે.
- બહેનો અને દલિતોની સહભાગીતા વધારવા જૂથબેઠકો, તાલીમો તથા વહીવટમાં ભાગીદારી આપવા જેવા પ્રયાસો કરવામાં આવ્યા. આ કામમાં પ્રવાહના પ્રતિનિધિઓનો સારો એવો સહયોગ મળ્યો, દલિત લોકો છૂટીછવાઈ મજૂરી અને સ્થાળાંતરિત જીવન જીવતા હોવાથી આ કાર્યક્રમમાં બહુ જ ઓછા પ્રમાણમાં સહભાગી થયા છે.

આજે આ ગામના બહેનો અને દલિત લોકોને ખૂબ જ સંતોષ છે. આ બંનેને પીવાના પાણીની પારાવાર મુશ્કેલી રહેતી હોય છે. ઘણાં બહેનો કહે છે કે "પ્રવાહવાળાએ આપણો વર્ષો જૂનો પ્રશ્ન ઉકેલ્યો." શાળાનાં બાળકોની મુશ્કેલી હળવી બની છે. કેટલાંક બાળકો પાણી ભરવાના કારણે ચાલુ શાળાએથી ઘેર આવતાં રહેતાં, આમ તેમનું શિક્ષણ બગડતું હતું.




સામાજિક દૃષ્ટિએ બીજી એક અસર એ થઈ છે કે સુખી લોકોની ગરીબ લોકો પ્રત્યેની સંવેદના વધારે જાગૃત થઈ છે. પાણી સમિતિના સભ્યો લોકફાળો એકત્ર કરી અગિયાર ગરીબ લોકોને સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનમાં વ્યકિતગત શૌચાલય બનાવવામાં ઉપયોગી બન્યા છે. આ કાર્યક્રમની બીજી મોટી અસરરૂપે સામુહિક કામો પ્રત્યેની લોકોની સમજમાં ઘણો ફરક જોવા મળ્યો છે.

## પ્રશાસન અને સંસ્થાકીય માળખું

- ગ્રામસભા બોલાવી તેમાં સર્વાનુમતે દરેક જ્ઞાતિ અને ફળીયાવાઇઝ પ્રતિનિધિ મળી  રહે તે પ્રમાણે પાણી સમિતિની રચના કરવામાં આવી છે.
- પાણી સમિતિના સભ્યોએ દર મહિને મળવું તેવું નક્કી કરી તેમાં આયોજન, અમલીકરણ વગેરે બાબતે ચર્ચા વિચારણા કરી જરૂરી નિર્ણયો કરવામાં આવે છે.
- પાણી સમિતિએ પાણી વિતરણ, પાણીવેરો અને જાળવળી માટેના થોડાક નિયમો બનાવ્યા છે.
- આ પાણી સમિતિમાં ૩૦ ટકા બહેનોની ભાગીદારી છે. જયારે ૨૦ ટકા વંચિત સમુદાયની ભાગીદારી છે.
- આ પાણી સમિતિને ખાસ કોઇ સંઘર્ષનો સામનો કરવો પડ્યો નથી. નાનું ગામ હોવાથી સંઘર્ષ થવાની શકયતા પણ ઓછી છે.
- આ પાણી સમિતિની ક્ષમતાવર્ધન માટે તાલીમ અને પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે.
- આ પાણી સમિતિનું નેતૃત્વ યુવાનોને સોંપવામાં આવેલ છે. જયારે તેનાં અધ્યક્ષ એક મહિલા સરપંચ બહેન છે.
- સામાજિક એકતા પણ ઊભી થઈ છે, દરેક જ્ઞાતિના લોકો એક મંચ ઉપર આ કામમાં આવે છે.
- આમ હુલરિયા ગામમાં નિદર્શન સ્ટ્રક્ચર કાર્યક્રમ દ્વારા મજબૂત અને ટકાઉ પ્રશાસન અને સંસ્થાકીય માળખું ઊભું થયું છે.



## નીતિ વિષયક હિમાયત

સંસ્થાની દૃષ્ટિએ આ સમગ્ર કામ દરમિયાન વિવિધ રીતે ઘણું શિક્ષણ મળ્યું, જે અન્યને પણ ઉપયોગી થઈ શકે છે. આ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રીએ પણ ગામની મુલાકાત લઈને સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનમાં સંસ્થા તથા ગામની પાણી સમિતિનો સહયોગ ઇચ્છ્યો તે સમગ્ર કામની સરકાર પરની અસર દર્શાવે છે. અહીં સંસ્થાના કામમાંથી મળેલા બોધપાઠ તારવ્યા છે.

- આ નિદર્શનનું ચાવીરૂપ શિક્ષણ એ રહ્યું કે સામુહિક કામોમાં પોતીકાપણાની ભાવના ઊભી થઈ. ખાસ કરીને આયોજન, અમલીકરણ અને વહીવટની સમગ્ર જવાબદારી પાણી સમિતિને સોંપવામાં આવી હતી, તેથી તેમનામાં કામ પ્રત્યે પોતીકાપણા ભાવના જાગૃત થઈ. પાણી સમિતિના ઘણા સભ્યોએ પોતાના ખેતર ઉપર મજૂરોને મૂકીને પોતે નિદર્શન પર ધ્યાન આપ્યું. એ બતાવે છે કે તેમને આ કામ પોતીકું લાગેલ છે.
- સરકારી તંત્ર અને આપણા કામ વચ્ચેની પારદર્શિતાની ભૂમિકા સ્પષ્ટ થઈ. નિદર્શન દરમિયાન વહીવટ સૌના માટે ખુલ્લો રાખવામાં આવ્યો. પરિણામે વહીવટી પારદર્શિતા ઊભી થઈ, જે પણ સફળતા માટેનું પરિબળ ગણી શકાય.
- આપણે કોઇની ટીકા કરવા કરતાં તેની મર્યાદા સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. જૂથમીટિંગ, વ્યકિતગત સંપર્ક, તાલીમ, પ્રેરણા પ્રવાસ વગેરેને કારણે લોકોમાં આવી સમજ કેળવાઈ છે.
- કોઈ પણ કામમાં ફરજિયાતપણું નહોતું, લોકફાળા માટે પણ દબાણ કરવાને બદલે સમજપૂર્વક લોકોની ભાગીદારી આવે તો તે વધુ અસરકારક નીવડે છે.
- સાથે જ દલિતો અને બહેનોની ભાગીદારી વધારવા માટે એક ચોકકસ ચળવળ ચલાવવાથી તેની અસર ઊભી થાય છે.
- આ રીતે કામ કરવાથી કાર્યક્રમ અને વહીવટી ક્ષેત્રે સંસ્થાની કુશળતામાં વધારો થયો છે.
- સંસ્થાને વિવિધ દૃષ્ટિકોણથી માર્ગદર્શન આપી સક્ષમ બનાવવાની કામગીરીમાં ખૂબ જ અગત્યની ભૂમિકા પ્રવાહે ભજવી છે.

વધુ માહિતી માટે સંપર્ક : **પ્રવાહ મધ્યસ્થ કાર્યાલય**

જી-૨, રક્ષા એપાર્ટમેન્ટ, ૨૦૦, આઝાદ સોસાયટી, પોલિટેકનિક રોડ, આંબાવાડી, અમદાવાદ - ૧૫

ફોનઃ ૦૭૯-૨૬૭૬ ૨૫૯૦, ૨૬૭૬ ૩૯૮૪ E-mail: pravah@gmail.com, Website: www.pravah-gujarat.org